સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

જાતિ ને ધર્મના અંગત આરોપો ઘડે છે
છુંદાય પ્રજા, ગોઘાઓ આપસમાં લડે છે,
પડે છે નીચું બૌધિકસ્તર નેતાશ્રીઓનું -
પોસ્ટર યુદ્ધમાં દિલ્હીનો વિકાસ રડે છે
(સામસામી ફરિયાદો)

હાઈકુ

બેઠા છે કાંઠે
ડૂબકી તૈયારીમાં
જીતનરામ -
(પવિત્ર થવા માટે)

થાય પવિત્ર
ભાજપી ગંગા સ્નાને -
પાપી કૉંગીઓ..
(ભરતી મેળો)

ચિંતન

પિતા રત્નાધારઃ શુચિ સહચરાસ્તે ચ મણયઃ સ્વસા સિગ્નધા લક્ષ્મીરયમવરજઃ કલ્પવિટયો ।
અહો કામ્યં ધાતુ સ્તદપિ ખલુઃ શંખઃ પ્રતિપદં રૂદિત્વા યદીર્ઘ દિશિ દિશિ વરાટં મૃગયતે ॥

માણસ ગમે એટલો સમૃદ્ધ હોય છતાં જો સ્વભાવમાં અકુચિતતા-લોભ હોય તો એની ક્ષુદ્રવૃત્તિ છાની રહેતી નથી. કરોડપતિ શેઠીયાની નજર ઢોળાઇ ગયેલાં તેલનાં એક ટીપાં પર જ ટકી રહે છે. આ વાત સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાયમાં આ શ્લોકમાં સમજાવવામાં આવી છે :

રત્નોથી ભરપુર મહાસાગર જેનો પિતા છે અને શુદ્ધ-સ્વચ્છ-સાચા મણિઓ જેના સહચર-મિત્રો છે. સાથીઓ છે, પ્રેમાળ લક્ષ્મી જેની બહેન છે, અને કલ્પવૃક્ષ (જેની કલ્પના કરવાથી જ એ વૃક્ષ નીચે બેઠેલાની ઇચ્છાઓ ફળીભૂત થઇ જાય એવું - કલ્પવૃક્ષ જેનો નાનો ભાઇ છે. એવો શંખ પણ સમુદ્રનું જ સંતાન છે. આ શંખ એક જીવંત જીવડું જ છે (આપમે જમણી ડાબી તરફના શંખનો પૂજામાં - વગાડવામાં જે ઉપયોગ કરીએ છીએ એ જીવડાનું હાડપિંજર કોચલું જ છે)

આવો શંખ જેનો પરિવાર મહાન સમુદ્ધ છે છતાં આ શંખ તો નાના નાના જીવજંતુ સમાન કોડી (એ પણ જીવડું જ છે) નું ભક્ષણ કરવા સમુદ્રમાં દસે દિશામાં આમતેમ ભટક્યા કરે છે.

સુવિચાર

- જીવન જીવવા જેવું છે, સરસ અને સુરમ્ય પણ જીવન સરળ ક્યારેક નથી- એસ. ભટ્ટાચાર્ય
- છુપાવી રાખજો જખ્મો તમારા દોસ્તો.. લોક મીઠું લઇ ફરે છે સતત શહેરમાં- નઝર ગફરી
- જે માણસ સત્યમાં સ્થિર છે તે મર્યા પછી પણ સ્થિર છે - સંત ઓગષ્ટીન
- ગમે તેવો મોટો લુંટારો હોય પણ તે આપણી ઇચ્છાશક્તિ લૂંટી શકતો નથી- ખલિલ જીબ્રાન
- ઉપદેશ કરતાં પણ વધારે તો આપણે અનુકરણ થી જ શીખતા હોઇએ છીએ - ડો. ચંદ્રકાન્ત મહેતા
- રૂદન ન હોય તો માણસનું હૈયું ફાટી જાય - ર.વ. દેસાઇ
- ધરતીકંપ કરતાં વધારે હોનારત માનવ-માનવ વચ્ચેના ધિક્કારકંપથી થાય છે - ધૂમકેતુ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

માણસોની ખોટી વિચારણા, રકઝક અને કોઇને છેતરી વધારે લાભ લેવાની આશામાં હાથમાં આવેલી તક પણ ગુમાવતા હોય છે.

એક ગરીબ-અભણ-આદિવાસીને લાકડાં વેચવા શહેરમાં આવતાં રસ્તામાંથી એક ચમકતો નાનો પથ્થરો મળ્યો. બચ્ચાં ને રમવા કામ લાગશે એમ સમજી ઉપાડી લીધો; શહેરમાં આવી ઝવેરી બજારમાં એક બંધ દૂકાનમાં ઓટલે થાક ખાવા બેઠો ને પોતાની પોતળીથી પેલો પથ્થર લૂછતો હતો.

.. ત્યાંથી પસાર થતાં એક હીરા-દલાલની નજર એના પર પડી - તરત પારખી ગયો - કઠિયારાને કહે આ શું છે? તારા હાથમાં!!

કઠિયારો કહે - જંગલમાંથી મને પથ્થરો મળ્યો છે?

દલાલ કહે - બસો રૂપિયામાં આપવો છે?

કઠિયારો પણ આમ તો અણસમજ, પણ વેપારી જ હતો જ એને થયું આ પથ્થરો કંઇક કામનો ને કિંમતી લાગે છે, એણે કહ્યું - ત્રણસો રૂપિયા આપો તો આપી દઉં..

દલાલે થોડી ઘણી રકઝક કરી - પણ પછી ત્રણસો રૂપિયાની વ્યવસ્થા કરીને આવું છું...

કઠિયારો ફરી પેલા પથ્થરને પોતળીથી ઘસવા લાગ્યો. ત્યાં એ ઓટલે બેઠો હતો એ ઝવેરી આવ્યો. આદિવાસીને કહ્યું તારા હાથમાં શું છે?

કઠિયારો કહે - પથ્થરો. ઝવેરી કહે - બોલ પાંચસો રૂપિયામાં આપવો છે? કઠિયારાએ આપી દીધો...

થોડીવારે પેલો દલાલ આવ્યો. ઝવેરીને પુછ્યું અહીં બેઠો હતો તે કઠિયારો ક્યાં ગયો.

ઝવેરીએ ખંધુ હસીને કહ્યું - કઠિયારો અને હીરો યોગ્ય જગ્યાએ પહોંચી ગયા છે.

Email - sureshchandrabhatt18@gmail.com

ખુશીની શોધ...!! આપણે ઝરણાંને કાંઠે ઊભા રહીને ટેન્કરની રાહ જોનારાં...!!

ભર બપોરે ટપાલ રસ્તે ઝરણું થઇ ખળખળવા આવ્યા, ચાર લીટીનો કાગળ થઇને અમે આપને મળવા આવ્યા

બેલ વાગી એટલે સફેદ લેંઘા ઝભ્ભામાં સજ્જ નિવૃત્ત શિક્ષક મંગળભાઇએ દરવાજો ખોલ્યો... બારણામાં શિવરામ ઊભો હતો.

શિવરામ એ મંગળભાઇની સોસાયટીમાં બધાંની કાર-બાઇક્સ ધોવાનું કામ કરતો હતો.

'સાહેબ, થોડું કામ હતું.'

'મારે તને પગાર આપવાનો રહી ગયો છે?'

'ના ના સાહેબ, એ તો ક્યારનોય મળી ગયો, તમે માસ્તર લોકો એ બાબતમાં તો એકદમ પાક્કાં, કોઇનોય રૂપિયો બાકી રાખો નહીં,'

'તો શું કોઇ બિમાર છે?'

'ના સાહેબ, પેંડા આપવા આવ્યો હતો. મારો છોકરો દસમું પાસ થઇ ગયો.'

'અરે વાહ, આવ, આવ, અંદર આવ.'

શિવરામે પ્રથમ વાર જ એ માસ્તરના ઘરનો ઉંબરો ઓળંગ્યો હતો. એમણે શિવરામને બેસવા કહ્યુ. એ ના ના કરતો ઊભો જ રહ્યો. શિક્ષકે બહુ જ આગ્રહ કર્યો ત્યારે સંકોચાઇને નીચે જ બેસી ગયો. મંગળભાઇએ ઝુલા પર આસન જમાવતાં જ, એણે એમના હાથમાં પેંડાનું પેકેટ મુકી દીધું.

'કેટલા ટકા આવ્યા તારા છોકરાને?'

'૬૨ ટકા'

'અરે વાહ!' એને સારું લાગે એટલે મંગળભાઇ બોલ્યા.

આજકાલ ૯૦-૯૫ ટકા સાંભળવાની એટલી ટેવ પડી ગઇ છે ને કે જો એટલા ટકા (કે પર્સેન્ટાઇલ) ન મળેલો વિદ્યાર્થી નાપાસ થયા જેવો જ લાગે છે. પણ શિવરામ તો ખુશ દેખાતો હતો.

'સાહેબ, હું ખુબ ખુશ છું. મારા આખા ખાનદાનમાં આટલું ભણેલો આ પહેલો જ છોકરો છે, એટલે મારો છોકરો.'

'અચ્છા, એટલે પેંડા લઇને આવ્યો.'

શિવરામને કદાચ મંગળભાઇનો એ કટાક્ષ ગમ્યો નહોતો. એણે હળવું સ્મિત કર્યું, અને બોલ્યો.

'સાહેબ, પરવડતું હોત ને તો તો દર વર્ષે પેંડા વહેંચ્યા હોત. સાહેબ મારો છોકરો બહુ હોંશિયાર નથી એ મને ખબર છે. પણ એક વર્ષ નાપાસ થયા વગર દર વર્ષે એના બબ્બે ત્રણ-ત્રણ ટકા વધ્યાં છે. કેમ, આમા ખુશ થવા જેવું નથી? સાહેબ મારો છોકરો છે એટલે નથી કહેતો પણ એણે ખુબ જ ખરાબ કંડિશનમાં અભ્યાસ ચાલુ રાખ્યો છે. તમારે શું સાહેબ શાંત વાતાવરણ, લાઇટ-પંખા અને ભણવાનો અલગ રૂમ. અમારા નસીબમાં ક્યાં આ બધું સુખ-ચૈન છે? એ માત્ર પાસ થયો હોત ને તો પણ મેં પેંડા વહેંચ્યા હોત.'

મંગળભાઇતો એની વાત સાંભળી એકદમ સુન્ન થઇ ગયા.

'સાહેબ, સૉરી કંઇ ભૂલચૂક થઇ હોય તો. મારા બાપુ કાયમ કહેતા આપણો આનંદ એકલાને નહીં માણવાનો, બધાંને વહેંચવાનો! સાહેબ આ માત્ર પેંડા નથી, મારો આનંદ છે, મારી ખુશાલી છે!'

મંગળભાઇનું મન ભરાઇ આવ્યું. એ ઊભા થઇને અંદરના રૂમમાં ગયા. પેન્શનના રૂપિયામાંથી એક સુંદર કવરમાં બક્ષીસની રકમ મુકી. અંદરથી મોટા અવાજે પુછ્યું, 'શિવરામ, છોકરાનું નામ શું છે?'

'વિશાલ'. બહારથી અવાજ આવ્યો.

સાહેબ કવર પર લખ્યું - પ્રિય વિશાલ, અભિનંદન! કાયમ આનંદમાં રહેજે - તારા પપ્પાની જેમ જ!

'શિવરામ, આ લે.'

'સાહેબ, શું કામ આપો છો? તમે મને ઘરમાં બોલાવી બે મિનિટ વાત કરી એમાં જ બધું આવી ગયું.'

'આ વિશાલ માટે છે એને એના મનગમતાં પુસ્તકો આમાંથી લાવી આપજે.'

શિવરામ કશું જ ન બોલતા એ કવર સામે તાકી રહ્યો.

'ચા પીવી છે?'

'ના, સાહેબ, હવે મને શરમાવશો નહી. આ કવર પર શું લખ્યું છે? જરા કહેશો. મને વાંચતા નથી આવડતું ને. એટલે...'

'ઘરે જા અને કવર વિશાલને આપ. એ તને વાંચીને બતાવશે!' સાહેબે એમના પ્રેમાળ સ્મિત સાથે કહ્યું.

સાહેબનો આભાર માનતા શિવરામ નીકળી ગયો. પણ એનો આનંદી ચહેરો એમની આંખ સામેથી ખસતો નહોતો. ઘણાં દિવસો બાદ એમને કોઇ આનંદી અને સંતોષી માણસ મળ્યો હતો.

હમણાં આવા આનંદી માણસો મળવા જરા મુશ્કેલ બન્યાં છે. થોડી કંઇ વાત કરવા જાવ એટલે ફરિયાદના ઘડિયા બોલવાના ચાલુ કરે. ૯૦-૯૫ ટકા મળ્યા બાદ પણ ડાચું ચઢાવીને બેઠેલા વિદ્યાર્થીના મા-બાપ યાદ આવી જાય છે. પોતાના છોકરા/છોકરીને મનગમતી કૉલેજમાં પ્રવેશ મળી જાય ત્યાં સુધી પોતાનો આનંદ ધકેલીને બેઠાં હોય છે. આપણે એવા લોકોની મજાક ઉડાવવાની જરૂર નથી કારણ આજે આપણે બધાં એવા જ થઇ ગયા છીએ. આનંદને મુદ્દતમાં નાંખનારાં!!

'મારી પાસે ટાઇમ નથી, મારી પાસે પૈસા નથી, હું આ રેસમાં કઇ રીતે ટકી શકીશ? આજે વરસાદ પડે છે, મારો મૂડ નથી!' આનંદને મુદ્દતમાં ફેરવવાના આ બધા બહાના છે. પહેલાં એને માન્ય કરી લો. આખી જિંદગી કમાવા નિવૃત્તિમાં આનંદ મેળવીશું, એ જો સત્ય હોત તો આજે ઠેકઠેકાણે વૃદ્ધો માટે બાકડાં ન ગોઠવાયાં હોત!

કેટલીય એવી વાતો છે જેનો આનંદ આપણને તાત્કાલીક મળે એમ છે, પણ આપણે જ એને ટાળતાં રહીએ છીએ.

કોઇને સ્માઇલ આપવામાં ક્યાં પૈસા પડે છે? નાનકડાં બાળકને તેડી લેવામાં કેટલી વાર લાગે? એકાદા મુસાફીરને એડ્રેસ બતાવવા બે જ મિનિટ લાગે. મોગરાની સુગંધ લેવા કેટલી વાર લાગે? સૂર્યોદય - સૂર્યાસ્તના શૉની ક્યાં ટિકીટ લેવી પડે છે? નહાતી વખતે ગીત લલકારોને કોણ સ્પર્ધા કરવા આવશે? વરસાદ પડે છે? સહેલું છે, પલળવા જાવ ને યાર... અરે, કશું જ ન કરતા માત્ર પથારીમાં આળોટવા તમારે ક્યાં 'મૂડ' જોવાની જરૂર છે?

માણસ જન્મે છે ત્યારે એના હાથની મુઠ્ઠીઓ બંધ હોય છે. પરમેશ્વરે એક હાથમાં 'આનંદ' અને બીજામાં 'સંતોષ' ઠાંસીને ભરેલો હોય છે. માણસ મોટો થતો જાય છે, વધતી વયની સાથે એનો આનંદ અને સંતોષ ક્યાંક ઢોળાતો જાય છે... હવે ખુશ થવા માટે આનંદ મેળવવા માટે 'કોઇક'ના 'કશાના' પર આધાર રાખવો પડે છે. કોઇના આવવા પર, કોઇના જવા પર, કોઇકના હોવા પર કોઇક ના ન હોવા પર. કંઇક મળ્યા પછી, કંઇક ગુમાવ્યા પછી. કોઇકના બોલાવા પર, કોઇક ન બોલવા પર... સાચ્ચું તો આપણી અંદર જ સતત વહેતું ક્યારેક ન સુકાનારું આનંદનું ઝરણું છે...

ગમે ત્યારે એમાં ધુબાકો મારવાનો ને મસ્ત થઇને ડુબવાનું. આટલું બધું હોવા છતાં... આપણે બધાં એ ઝરણાંને કાંઠે ઊભા રહીને પાણીના ટેન્કરની રાહ જોઇએ છીએ!! જ્યાં સુધી એ રાહ જોવાની વાત છે ત્યાં સુધી તમારી તરસ છીપાવવી અઘરી!

અન્ય સાથે તુલના કરતાં વધારે પૈસા, વધારે કપડાં, મોટું ઘર, મોટું પ્રમોશન, હજી વધારે ટકા...! આ 'મોટું' અને 'વધારે'ની પાછળ દોડતાં દોડતાં આનંદના ઝરણાંથી આપણે કેટલાં દૂર થઇ જઇએ છીએ! જાવેદ અખ્તરની એક પંક્તિ યાદ આવે છે. 'સબકા ખુશીસે ફાસલા એક કદમ હૈ, હર ઘર મેં બસ એક હી કમરા કમ હૈ !' શિવરામ કદાચ મંગળભાઇને ન મળ્યા હોત તો આનંદ વચ્ચેના 'એક ડગલા'નું અંતર ન દેખાતું હોત!

ચૂંટલો :

ખુશીની ટપાલતો રોજ આપણા આંગણે ટકોરા મારે છે. આપણે ફક્ત આનંદ અને સંતોષને પ્રાપ્ત કરવા આવતી કાલની મુદ્દત માંગી લઇએ છીએ. આજના આનંદને આવતીકાલ પર ટાળનારાને ક્યારેય આનંદ મળતો હશે?

Hello ફ્રેન્ડસ!

-સંજય થોરાત

hellogandhinagar@gmail.com



જીજ્ઞાસા હવે બહારની બાલ્કનીમાં જઇ બેસી ગઇ, ગમે તે થાય આ બાબતમાં દિકરી સાથે ખુલીને વાત તો કરવી જ પડશે, અમે એને પુરી આઝાદી આપી, ભણાવી ગણાવી બહાર નોકરી કરવાની પણ છૂટ આપી એનો મતલબ એવો નથી કે તે તેના કોઇ ફ્રેન્ડની સાથે એક ફ્લેટમાં રહે

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

જીજ્ઞાસાને સમજ પડતી ન હતી કે રીયાની સાથે આ બાબતમાં વાત કઇ રીતે કરે? ઘણીવાર પ્રયત્ન કરવા છતાં બનતું એવું કે રીયા વાતનો વિષય બદલી નાંખતી અને બીજી વાતો થવા લાગતી. વિચારેલું તો એવું કે વાત કરવાનો આ જ સારો મોકો છે. દીકરી પોતાના સરકારી કામ માટે બે દિવસ માટે આવી છે. અને સંજોગાવશાત જીજ્ઞેશ પણ હમણાં બહાર ગયેલો છે. તેથી ખુલીને કંઇક વાત થઇ શકશે. પણ રીયા...

એ તો આવતાંની સાથે જ કામમાં લાગી ગઇ છે. બે કલાકથી લેપટોપમાં વ્યસ્ત છે. કામના કોઇ મેઇલ આવવાના છે. તેને ચેક કરવાના છે.

કાલ તો એ પાછી ગાંધીનગર જતી રહેશે.

ના વાત તો અત્યારે જ કરવી પડશે.

બેટા રીયા તારું કામ પુરું થયું હોય તો જમવાનું પીરસું. બે વાર ગરમ કર્યું છે. ત્રીજી વાર તેણે હવે દીકરીને બુમ પાડી.

મમ્મા તમને કહ્યું ને શું કામ મારી રાહ જૂઓ છો. અગત્યનું કામ છે. એવું બને કે વાર પણ લાગે. તમે તમારે જમી લો. આમ પણ મને ક્યાં ગરમ ગરમ ખાવાની આદત છે.

ઓહ! આદત નથી તો શુ થયું. મારી પાસે આવી જ છે તો સાથે બેસીને ખાઇએ. તારા માટે તુવેરની કચોરી બનાવી છે. તળવાની બાકી રાખી છે એટલે વિચાર્યું કે...

અરે મોમ તમે પણ...

રીયા હવે હસી પડી. જીજ્ઞાસાને ખબર હતી કે મારા હાથની કચોરી તેને બહુ જ ભાવે છે.

સારું, એક મેસેજ કરી દઉં પછી ઊભી થાઉં છું.

જીજ્ઞાસા હવે બહારની બાલ્કનીમાં જઇ બેસી ગઇ. ગમે તે થાય આ બાબતમાં દિકરી સાથે ખુલીને વાત તો કરવી જ પડશે. અમે એને પુરી આઝાદી આપી. ભણાવી ગણાવી બહાર નોકરી કરવાની પણ છૂટ આપી એનો મતલબ એવો નથી કે તે તેના કોઇ ફ્રેન્ડની સાથે એક ફ્લેટમાં રહે.

ઉડતી ઉડતી વાત તો પહેલાં પણ આવેલી. પણ હવે તો મોટી દીકરી પ્રિયાએ ફોન પર કહ્યું, મમ્મી તમે અને પપ્પા શું કાનમાં પુમડાં ભરાવીને બેઠા છો. વાત આટલી બધી આગળ વધી ગઇ છે છતાં તમે રીયાને બોલાવીને સમજાવતાં કેમ નથી. તે પોતાના ફ્રેન્ડ રીન્કુ સાથે ફ્લેટ શેયર કરી શકે છે. લોકો તો એવું કહેવા લાગ્યા છે કે લીવ ઇન રિલેશનશિપ...

બસ... જીજ્ઞેશ તો સાંભળતાં જ ભડકી ઊઠેલા અને જીજ્ઞાસાને કેટલુંય બોલ્યા.

દીકરીને હજુ વધુ માથે ચડાવ, જો આ બધું તારે લીધે જ થયું છે તેં જ એની હા અને હા કરી. મેં તો કહેવું કે એ ભણી રહી છે તો લગ્ન કરીને વિદાય કરી દઇએ. પણ ના, એની જીદ અને તે ઉપરાણું લીધું અને નોકરી કરવી છે તો કરવા દો. આ કરવા દો, તે કરવા દો, લ્યો હવે ભોગવો. નાતમાં નાક કપાઇ જશે ત્યારે તને શાંતિ થશે...

જીજ્ઞેશનો પારો ચડતો જોઇને તે કંઇ બોલી શકતી નહોતી તેમ જીજ્ઞેસનો ગુસ્સો વધતો જ જતો હતો.

હે મુંગીમંત્તર થઇ ઊભી છે શું, દીકરીને બોલાવી લે, અને કહી દે નોકરી-બોકરી કરવાની કાંઇ જરૂર નથી. જ્યાં બે ત્રણ જગ્યાએ વાત ચલાતી હતી ત્યાં ફરી વાત કરીએ... અને હાં હમણાં તો મારે ટૂર પર જવાનું છે નહીંતર એને અત્યારે જ ઘસેડીને લઇ આવત.

જીજ્ઞાસા ત્યારે કંઇ બોલી શકી નહોતી. આમ પણ એ હંમેશા ચુપ જ રહેતી. તેને ખબર હતી કે મોંમાંથી સહેજ અવાજ નીકળ્યો તો ધાંધલ-ધમાલ થઇ જશે. પછી તો આમ તેમ ગાળાગાળી બધું જ... અરે ત્યાં સુધી કે જીજ્ઞેસ નો હાથ પણ ઉપડી જશે.

આ તો સારું થયું કે એમને એ વખત ટૂર પર જવાનું હતું એટલે ચૂપ રહ્યાં અને એ પણ સંજોગવશ બનેલું કે રીયા બીજે દિવસે તેના કામ અંગે આવી.

આ બધા વિચારોમાં જીજ્ઞાસા ખોવાઇ ગઇ...

કેટલું હળાહળ ઝેર પીધું છે. પણ તેને છેવટે એટલું જ વિચાર્યું કે મેં જે સહન કર્યું છે તે મારી દીકરીને સહન કરવું ન પડે. તે આગળ વધે, સ્વાવલંબી બને, તેને કોઇના આશરે જીવવું ન પડે. દીકરાની આશામાં જીજ્ઞેશ તો આમ પણ બે દીકીરઓ થતાં તેને કાયમ સંભળાવતા. વળી એમના ભણવાના ખર્ચાને લઇને અવારનવાર ઝઘડા થયા. એ બધું તેણે સહન કર્યું. મોટી દીકરી પ્રિયા તો લગ્ન કરીને સાસરે છે. રીયા હમણાં લગ્ન કરવાના મુડમાં નહોતી. એમ.બી.એ કરતાં જ તેણે ગાંધીનગરમાં એક પ્રાઇવેટ કંપનીમાં જોબ મળી ગયેલી એટલે તેની જીદ સામે જીજ્ઞાસાને ઝુકવું પડેલું. જીજ્ઞેશ તો કોઇ પણ સંજોગોમાં દીકરીને બહાર મોકલવામાં સંમત ન હતા. ત્યારે તે નક્કી એવું થયેલું કે છોકરીની હોસ્ટેલમાં એ રહેશે. જીજ્ઞેશ ખુદ સાથે જઇને તેને મુકી આવેલા.

પણ હવે કોણ જાણે ક્યારે તેને અલગ ફ્લેટ લઇ લીધો અને ફ્રેન્ડની સાથે રહેવા લાગી એની તો એને ખબર પણ નથી. એ તો સારું છે કે જીજ્ઞેશ અત્યારે ઘેર નથી. નહીંતર અત્યારે બબાલ થઇ જાત. જીજ્ઞેશના આકરા શબ્દો હજુ તેના કાનમાં ગુંજતા હતા.

જો, છેલ્લીવાર આ કહીને જાઉં છું. દીકરીને બોલાવીને સમજાવી દેજે. હવે લગ્ન કરીને જે આ ઘેરમાંથી જવાનું છે. સમજીને તું... નહીંતર પછી જે કંઇ થશે તેની જવાબદારી તારી રહેશે. ભોગવજે જે પછી...

જીજ્ઞેશનું રોદ્ર રૂપ અત્યારે તેની આંખ સામે તરવરતું હતું. આટલી ઠંડીમાં પણ તેને પરસેવો વળી ગયો હતો.

દીકરીને કેમ કરી સમજાવવી કે ફક્ત તારા માટે જ તારી માં એ કેટલાં દુઃખ સહન કર્યા છે. કેટલી પીડાઓ ભોગવી છે. હવે તું પણ શું મને જીવતે જીવ મારી નાંખવા માંગે છે. તારા પપ્પાનો અહંકાર, તેમનો ગુસ્સો અને બેફામ ગાળાગાળી એ બધું સહન કરીને બેટા તને યોગ્ય બનાવી કે જેથી તારું જીવન સુધરે. પણ તું તારી અણસમજમાં તારું પોતાનું જ જીવન બરબાદ કરવા જઇ રહી છું.

પોતાના અસહાય અને અસફળ વૈવાહિક જીવનનો ડંખ જીજ્ઞાસાની આંખોમાં આંસુ લાવી દેતો હતો.

ત્યાં રીયાનો અવાજ આવ્યો.

મમ્મી, ક્યાં છો, ચાલો જમવાનું આપો જમી લઇએ અને પોતાના આંસુને છુપાવતાં જીજ્ઞાસા અંદર આવી.

વાહ! સુગંધ તો સારી આવે છે ને! બીજું શું શું... બનાવ્યું છે. પુલાવ, પનીરની સબ્જી.

મને તો ખરેખર ખુબ જ ભુખ લાગી છે. પહેલાં જલ્દી કચોરી તળી દે. હાં બસ, તું જમવા તો બેસ, કહેતા જીજ્ઞાસા રસોડામાં ગઇ.

મમ્મા તમે મારી સાથે જમવા બેસો ને - રીયાનો ફરી અવાજ આવ્યો.

ના હું પછી... તું પહેલાં ખાઇ લે....

(ક્રમશઃ)

સંબંધ નામના કાચનું વાસણ તૂટે તો ન જોડી શકાય

ગુલમહોર

- દિનેશ દેસાઇ

એંગ્લો-આઈરિશ લેખક-કવિ અને 'ગુલિવર ટ્રાવેલ્સ'ના સર્જક જોનાથન સ્વિફ્ટ (૧૬૬૭-૧૭૪૫)એ ૭૮ વર્ષની આયુમાં ઘણી બધી નોંધપાત્ર કૃતિઓ આપી છે. તેઓએ કહ્યું છે કે 'માનવજીવનમાં સંબંધોની સુવાસ ખુબ મહત્વ ધરાવે છે. સંબંધોમાં વિશાળતા અને વ્યાપકતા હોવી જોઈએ, સંકૂલતા નહી. સંબંધમાં વૈચારિક અવસ્થા ઉદાર જોઈએ, સંકીર્ણ નહી. અન્યથા સંબંધ કાચના વાસણની માફક તૂટી જશે અને કદાચ કાચને ફરી સાંધી શકાય, તૂટેલા સંબંધને ક્યારેય નહીં'.

જોનાથન સ્વિફ્ટની વાત ખરેખર સાચી છે. સંબંધ એક વાર તૂટી જાય તો પછી એને ફરીથી પૂર્વવત્ બનાવી શકાતો નથી. સંબંધમાં સાંધો મારો કે રેણ કરાવો તો પણ જોઈ શકાય એમ તે ડોકાતું રહે છે. સંબંધને કાચના વાસણની જેમ સાચવવો જોઈએ. અલબત્ત કાચનું વાસણ તૂટી જાય તો સાંધી ન જ શકાય. અથવા કદાચ સાંધી પણ શકાય. જયારે સંબંધમાં એવું શક્ય બનતું નથી.

જયારે દામ્પત્યજીવનમાં પણ ચકમક ઝરે અને વીજળી પડે પછીનો વરસાદ કદાચ એસિડ વર્ષા જેવો દાહક હોય છે. એક હિન્દી ગીતની પંક્તિ છે કે 'વો અફસાના જીસે અંજામ તક લાના ન હો મુમકિલ, ઉસે ઈક ખુબસૂરત મોડ દે કર છોડ દેના અચ્છા'. ઈલાસ્ટિક અથવા રબ્બર બની જતા સંબંધોને તાણી-તુસીને જકડી રાખવા અથવા પકડી રાખવાનો કશો અર્થ નથી. એ વારંવાર ખેંચાતા રહે છે અને રબ્બર-ઈલાસ્ટિક સમાન સંબંધના બેઉ તરફના છેડાને પકડી રાખનારને હાનિ પહોંચાડતા રહે છે.

સંબંધનું સાયુજય રચાયું હોય ત્યારે એમાં પરસ્પર સ્નેહ અને આદર પણ જરુરી છે. સમર્પણભાવ પણ એમાં આપોઆપ આવી જાય. બેઉ પક્ષે જો સપ્રમાણ આદર ન હોય અને એકબીજા તરફ સંભાળ અને લાગણી ન હોય ત્યારે સંબંધની ઉષ્મા પણ ડી જતી હોય છે. માત્ર એકતરફી આદર અથવા સન્માન કોઈ પણ સંબંધમાં હોઈ શકે નહી. સન્માન આપવાથી મળે છે અને આદર પણ આપવાથી મળે છે.

એક યુગલની વાત કરીએ. પતિને હંમેશા ફરિયાદ રહે કે તેની પત્ની તેની કાળજી લેતી નથી અથવા તેની બરાબર સંભાળ રાખતી નથી. સામે પક્ષે તેની પત્નીને પણ કાયમ એમ જ લાગ્યા કરે કે તેનો પતિ તેના તરફ ધ્યાન આપતો નથી, પોતાની કાળજી લેતો નથી કે પોતાની સંભાળ રાખતો નથી.

સંબંધ એક વાર તૂટી જાય તો પછી એને ફરીથી પૂર્વવત્ બનાવી શકાતો નથી, સંબંધમાં સાંધો મારો કે રેણ કરાવો તો પણ જોઈ શકાય એમ તે ડોકાતું રહે છે, સંબંધને કાચના વાસણની જેમ સાચવવો જોઈએ

પત્નીનું કહેવું એમ હતું કે તેના પતિ કાયમ પોતાના નોકરીના કામકાજમાં જ રચ્યા-પચ્યા રહે છે. ઘરની કે પરિવારની કોઈ ચિંતા કરતા નથી અને તેની (પત્નીની) કે બે સંતાનની પણ કોઈ ખાસ કાળજી રાખતા નથી. જાણે ઘર-પરિવાર પ્રત્યે પોતાની કોઈ ફરજ જ ના હોય એવી રીતે વર્તે છે. માત્ર ઘરખર્ચ અથવા આખો પગાર ઘરે આપી દેવાથી પુરુષ તરીકે તેની ફરજ પુરી થઈ ગઈ છે, એમ માનવું પલાયનવાદ નથી તો શું છે. જયારે સામે પક્ષે પતિનું પણ વળી એવું વલણ હોય કે તેની પત્ની તેના તરફ ધ્યાન આપતી નથી અને ઘર-પરિવારની તથા સંતાનોની કામગીરીમાં જ રચી-પચી રહે છે. આમ અન્યોન્ય આક્ષેપ-પ્રતિઆક્ષેપ ચાલ્યા કરે પરંતુ એથી સંબંધોમાં મીઠાશ નહી, કડવાશ જ ભળતી રહે છે.

સ્ટોપર :-

સંબંધ એક વૃક્ષ છે. વૃક્ષને ડાળીઓ, પાંદડાઓ, ફૂલ, મૂળ એમ સહુ સાથે અનુકૂલન સાધવાનું હોય છે. વૃક્ષ પોતાની ભુમિકા સારી રીતે નિભાવી જાણે છે. આપણે વૃક્ષ જેવા બનીએ.

- દલાઈ લામા